# પોસ્ટમોર્ટમની નવી AI પદ્ધતિથી ગુના ઉકેલવામાં મદદ મળશે

## ટેક-ટોક

★ આનંદ ગાંધી

દરેક ટેકનોલોજીમાં AIનો સંયોગ થઈ રહ્યો છે. તમે હાથમાં જે ફોન રાખ્યો છે ત્યાંથી લઈને તમારી ઓફિસના ડેસ્ક સુધી બધે જ AI ટેકનોલોજી કોઈ ને કોઈ સ્વરૂપે પહોંચી ચૂકી છે. તમે કોઈ કસ્ટમર કેર સર્વિસનો સંપર્ક કરો ત્યારે પણ AI ચેટબોટ હાજર થઈ જાય છે. સ્પેશિયલાઈઝેશન



ટૂલ્સનો યુગ શરૂ થયો છે. સ્માર્ટ ડિવાઈસિસ AIથી સજ્જ થઈ ગયા છે. વોઈસ આસિસ્ટન્ટથી લઈને સર્ચ ટૂલ્સ, ફોટો ફિલ્ટર, રીલ્સ એડિટિંગ, કેપ્શન રાઈટિંગ, એનિમેશન ક્રિએશન જેવા અનેક ક્ષેત્રોમાં AIનો વિસ્તાર સતત વધી રહ્યો છે.


તમે ઈ-મેઈલ કરો ત્યારે AI હાજર હોય છે. તમે વોઈસથી કંઈક લખો ત્યારે AI મદદ કરે છે. તમે વીડિયો કોલ કરો ત્યારે પણ AI ફિલ્ટર કે વોઈસ ક્લેરિટી માટે તમને મદદ કરે છે. લગભગ દરેક મોટી કંપનીએ તમને AI આસિસ્ટન્ટ આપીને જાણે પર્સનલ આસિસ્ટન્ટ જેવી સુવિધા આપી દીધી છે. તમે તેને મેપ વિશે પૂછો, રેસ્ટોરાં વિશે પૂછો, કોફી શોપનું સરનામું પૂછો કે કોઈ મ્યુઝિકલ ટ્રેકની વિગતો પૂછો, તે તમને 24 કલાક મદદ કરવા તૈયાર રહે છે.


મેડિકલ ક્ષેત્રમાં પણ AIનો વિસ્તાર ઝડપથી વધી રહ્યો છે. અત્યાર સુધી નેનોબોટ્સની જ ચર્ચા થતી હતી. હવે એનાથી આગળ વધીને AI ટેકનોલોજીથી સંચાલિત રોબોટ્સ મદદે આવશે. એટલું જ નહીં, સર્જરી આસિસ્ટન્ટ તરીકે પણ AI બોટ્સ કાર્ય કરે

**AI એ સાબિત કરી દીધું છે કે તે લોહીના માત્ર એક નમૂના પરથી મૃત્યુનો સમય ચોકસાઈપૂર્વક અંદાજી શકે છે, નવા સંશોધન મુજબ વ્યક્તિના મૃત્યુના લગભગ બે અઠવાડિયા પછી પણ આ AI મોડેલ મૃત્યુનો સમય જાણી શકે છે**

તેવા દિવસો દૂર નથી. તમે AI બોટ્સને નાની-મોટી બાબતોમાં આરોગ્ય સંબંધિત સલાહ આપવા કહો તો પણ તે જાણે કોઈ અનુભવી ડૉક્ટર સમજાવે તેવી શૈલીમાં વિગતવાર માહિતી આપે છે. આગળ વાંચ્યું તેમ, AI હવે ખરેખર દરેક ક્ષેત્રમાં પહોંચી ગયું છે. હવે તેમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિનો ઉમેરો થયો છે.

સ્વીડનની લિંકોપિંગ યુનિવર્સિટીના સંશોધકોએ મૃતદેહના લોહીના નમૂના પરથી મૃત્યુનો સમય જાણી શકે એવું એક AI મોડેલ વિકસાવ્યું છે. મૃત્યુ પછી બે સપ્તાહ વીતી ગયા હોય તો પણ મૃત્યુનો સમય જણાવવામાં આ મોડેલ અત્યંત અસરકારક સાબિત થયું છે. સંશોધકોએ આશા વ્યક્ત કરી છે કે પોલીસ તપાસમાં આ મોડેલ ખૂબ ઉપયોગી સાબિત થશે અને તપાસનું કામ વધુ સરળ બનશે. અત્યાર સુધી પ્રચલિત પદ્ધતિઓથી લાંબા સમય બાદ મૃત્યુનો ચોક્કસ સમય જાણી શકાતો ન હતો. AI એ સાબિત કરી દીધું છે કે તે લોહીના માત્ર એક નમૂના પરથી મૃત્યુનો સમય ચોકસાઈપૂર્વક અંદાજી શકે છે, નવા સંશોધન મુજબ વ્યક્તિના મૃત્યુના લગભગ બે અઠવાડિયા પછી પણ આ AI મોડેલ મૃત્યુનો સમય જાણી શકે છે. સ્વીડનની લિંકોપિંગ યુનિવર્સિટીના ડૉ. રાસ્મસ મેગ્નસન અને તેમની ટીમે હજારો કેસોના અભ્યાસના આધારે આ પદ્ધતિ વિકસાવી છે. તેમણે જોયું કે મૃત્યુ પછી લોહીમાં થતા રાસાયણિક ફેરફારોના આધારે મૃત્યુનો સમય ચોકસાઈથી જાણી શકાય છે. આ માટે તેમણે લગભગ 5,000 લોહીના નમૂનાઓ પર વિસ્તૃત સંશોધન કર્યું હતું. અત્યાર સુધી ફોરેન્સિક નિષ્ણાતો શરીરનું ઠંડુ પડવું, સ્નાયુઓ જકડાઈ જવા અથવા આંખના પ્રવાહીમાં થતા ફેરફારોના આધારે મૃત્યુનો સમય નક્કી કરતા હતા. જોકે, મૃત્યુના 48 કલાક પછી આ પદ્ધતિઓ એટલી વિશ્વસનીય રહેતી નથી. સ્વીડનના નેશનલ બોર્ડ ઓફ ફોરેન્સિક મેડિસિને સંશોધન માટે હજારો પોસ્ટમોર્ટમ કેસ ઉપલબ્ધ કરાવ્યા હતા, જેમાંથી લગભગ 5,000 લોકોના મૃત્યુનો ચોક્કસ સમય નોંધાયેલો હતો. તેના આધારે AI મોડેલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષણ દરમિયાન AI મોડેલે આશ્ચર્યજનક રીતે અત્યંત સચોટ પરિણામો આપ્યાં હતાં. મોડેલે લોહીમાં રહેલા સેંકડો રસાયણોની પેટર્ન શીખીને એ જાણી લીધું કે મૃત્યુને કેટલો સમય વીતી ગયો છે. આ નવી ટેકનોલોજી ગુનાખોરીની તપાસમાં પોલીસ માટે ખૂબ મદદરૂપ સાબિત થઈ શકે છે.આ પદ્ધતિ માટે કોઈ નવા કે મોંઘા સાધનોની જરૂર નથી. જે પ્રયોગશાળાઓમાં નિયમિત લોહીના પરીક્ષણો થાય છે ત્યાં ઉપલબ્ધ સાધનો દ્વારા જ જરૂરી માહિતી મેળવી શકાય છે. આ સંશોધન 'નેચર કમ્યુનિકેશન્સ' જર્નલમાં પ્રકાશિત થયું છે. ભવિષ્યમાં આ મોડેલને વધુ અસરકારક બનાવવાની યોજના છે, જેથી મૃત્યુ દિવસના કયા ચોક્કસ કલાકે થયું હતું તે પણ જાણી શકાય. જો આવું શક્ય બનશે તો પોસ્ટમોર્ટમ વિજ્ઞાનમાં એક મોટો પરિવર્તન આવશે.





## કિસ મુંહ સે કરેં ઉન કે તગાફુલ કી શિકાયત, ખુદ હમ કો મોહબ્બત કા સબક યાદ નહીં હૈ

\- હફીઝ બનારસી

## કેફિયત

★ હનીફ મહેરી

કયા મોઢે કરીએ તેમની ઉપેક્ષાની ફરિયાદ, જ્યારે અમને પોતાને જ પ્રેમના પાઠ યાદ નથી? જ્યારે પ્રેમના પાઠ પોતાને જ યાદ નથી, ત્યારે તેમની ઉપેક્ષા (તગાફુલ)ની ફરિયાદ કયા મોઢે કરીએ? પ્રેમમાં એકમેકને સ્નેહ અને આદર આપવાનો હોય છે. અહીં કોઈ શ્રેષ્ઠ કે કોઈ નિમ્ન જેવું કશું હોતું નથી. પ્રેમમાં બંને પક્ષ સમકક્ષ હોય છે. જ્યારે સામેના પક્ષ પાસેથી તમે આદરની અપેક્ષા રાખો, ત્યારે તમારે પણ તેમની પ્રત્યે નમ્રતાપૂર્વક આદરભાવ દર્શાવવો પડે. તમારી ઉપેક્ષા કરવામાં આવે છે તેવી ફરિયાદ ત્યારે જ કરી શકો, જ્યારે તમે સામેવાળી વ્યક્તિને પૂરતો આદર આપ્યો હોય. પ્રેમના પાઠ જો તમે બરાબર જાણતા હો, તો તમારી ઉપેક્ષાનો પ્રશ્ન જ ઊભો ન થાય. પ્રેમમાં કશુંક પ્રાપ્ત કરવા કરતાં કશુંક ત્યાગ કરવાની ભાવના હોવી જોઈએ. પ્રેમમાં ત્યાગનું મહત્ત્વ વધુ છે. પ્રિયજન અને આશિક વચ્ચેનો પ્રેમ તેમની એકમેક પ્રત્યેની લાગણીઓ પરથી જાણી શકાય છે. અહીં દરેક નિર્ણય દિલથી લેવાતો હોય છે. કશુંક પ્રાપ્ત કરવા કરતાં કશુંક ગુમાવવાનો પણ એક અલગ જ આનંદ હોય છે. પ્રેમના પાઠ સમજવા સહેલા નથી. આ સબક દરેક આશિક અને દરેક પ્રિયજન માટે અલગ-અલગ હોય છે. પ્રેમમાં સફળ થવા માટે કોઈ એક ચોક્કસ અભ્યાસક્રમ કે કોઈ એક પ્રકારની રીત હોતી નથી. અહીં દરેક વ્યક્તિ માટે પ્રેમની પરિભાષા બદલાતી રહે છે. પ્રેમ તો પ્રેમ જ રહે છે, પરંતુ પ્રેમમાં પ્રવેશ કરનાર દરેક વ્યક્તિ માટે તેના પાઠ જુદા હોય છે. જો તમે પ્રેમની પરિભાષા સમજી લીધી હોય, તો તમને પ્રિયજનની ઉપેક્ષા કે તેના બદલાતા વર્તનની વ્યથા સ્પર્શી શકતી નથી. સત્યની જેમ પ્રેમ પણ એક વખત સાચી રીતે સમજાઈ જાય, પછી ચાહનાર જીતી જાય છે. એક વખત પ્રેમના પાઠ ભણી લીધા પછી સામેવાળી વ્યક્તિ પ્રત્યે ફરિયાદ રહેતી નથી. પ્રેમ કશુંક પામવાનું નહીં, પરંતુ કશુંક ત્યાગવાનું નામ છે. તમે શુદ્ધ ભાવનાથી પ્રેમ કરશો, તો બીજાની ફરિયાદ કરવાની ક્યારેય જરૂર નહીં પડે.